ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૦ ટકા

# શ્રાવણમાં બે પૂનમ : ૧૧મીએ રક્ષાબંધન

## ૧૧ ઓગસ્ટે સવારે ૧૧.૦૮ વાગ્યાથી રક્ષાબંધન શરૂ થશે અને ૧૨ ઓગસ્ટના રોજ સવારે ૭.૧૬ વાગ્યા સુધી રહેશે



### શ્રાવણ પૂનમના દિવસે આ શુભ કામ કરી શકાય

પૂનમના દિવસે જરૂરિયાતમંદ લોકોને નવાં કપડા, બુટ-ચપ્પલ, છત્રીનું દાન કરવું જોઈએ. મંદિરમાં પૂજન સમગ્ર ભેટ કરો. ગૌશાળામાં ગાયની દેખરેખ માટે દાન કરો. સવારે સૌથી પહેલા ગણેશજીની પૂજા કરો. હનુમાનજી સામે ધૂપ-દિપ પ્રગટાવો, હનુમાન ચાલીસા, સુંદરકાંડ કે હનુમાનજીના મંત્રોનો જાપ કરો. શિવજીનો જળ અને દૂધથી અભિષેક કરો.

### રક્ષાબંધનના દિવસે વૈદિક રાખડી બનાવો

શ્રાવણ મહિનાની પૂનમના દિવસે સવારે સ્નાન કર્યા પછી દેવી-દેવતાઓની પૂજા કરો. પિતૃઓનું તર્પણ કરો. આ દિવસે રાત્રે ૮.૩૦ વાગ્યા પછી રેશમના કપડામાં ચોખા, દૂર્વા, સરસવના દાણા, ચંદન, કેસર અને સોના કે ચાંદીનો નાનો સિક્કો રાખી શકો છો. આ વસ્તુઓની પોટલી બનાવો. ભાઈના માથા ઉપર તિલક લગાવો અને કાંડા ઉપર રેશમી કે સુતરના દોરા સાથે આ પોટલી બાંધી દો. રાખડી બાંધતી વખતે ભગવાન પાસે ભાઈને બધી જ પરેશાનીથી બચાવવાની પ્રાર્થના કરો.

### ભદ્રા સાથે જોડાયેલી માન્યતા

ભદ્રાને લઈને અનેક પ્રકારની માન્યતાઓ પ્રચલિત છે. થોડા વિદ્વાનો પ્રમાણે ભદ્રા શનિદેવની બહેન છે. ભદ્રાનો સ્વભાવ પણ શનિદેવની જેમ ક્રુર છે. જ્યોતિષમાં આ એક વિશેષ કાળ માનવામાં આવે છે આ સમયમાં કોઈપણ શુભ કામ શરૂ કરી શકાતા નથી. શુભ કાર્ય જેમ કે લગ્ન, મુંડન, નવા ઘરમાં પ્રવેશ, રક્ષાબંધનના દિવસે રાખડી બાંધવી વગેરે. ભદ્રાને સરળ શબ્દોમાં અશુભ મુહુર્ત કહી શકાય.

### રક્ષાબંધનના દિવસે ગ્રહ સ્થિતિ

રક્ષાબંધનના દિવસે ગુરૂ મીન રાશિમાં વક્રી રહેશે. ચંદ્ર શનિ સાથે મકર રાશિમાં રહેશે. આ ગ્રહોની યુતિથી વિષયોગ બને છે. ગુરૂની દ્રષ્ટિ સુર્ય પર રહેશે. સુર્યની શનિ ઉપર તથા શનિની ગુરૂ ઉપર દ્રષ્ટિ રહેશે. ગ્રહોના આ યોગમાં આપણે વધારે સાવધાની રાખવી જોઈએ. નાની બેદરકારી પણ નુકશાન કરાવી શકે છે.

ગાંધીનગર તા.૫

ગુરૂવાર તા.૧૧ ઓગસ્ટના રોજ શ્રાવણ મહિનાની પૂનમ તિથિ અને રક્ષાબંધન છે. આ વર્ષે રક્ષાબંધનના દિવસે આખો દિવસ ભદ્રાનો સાયો રહેવાનો છે. શનિદેવની બહેન ભદ્રાના સમયગાળામાં રાખડી બાંધવી જોઈએ નહીં. આ વખતે શ્રાવણ પૂનમ ૧૧ ઓગસ્ટના રોજ સવારે ૧૧.૦૮ વાગ્યાથી શરૂ થશે. પૂનમ બીજા દિવસે એટલે તા.૧૨ ઓગસ્ટના રોજ સવારે ૭.૧૬ વાગ્યા સુધી રહેશે. એ પછી શ્રાવણનો વદ પક્ષ શરૂ થઈ જશે. પંચાગ ભેદના કારણે અનેક ક્ષેત્રોમાં ૧૨ ઓગસ્ટના રોજ પણ રક્ષાબંધન પર્વ ઉજવાશે.

સૂર્યોદયથી પૂનમ તિથિ ત્રણ મુહુર્તથી પણ ઓછા સમય સુધી રહેશે એટલે રક્ષાબંધન પર્વ ૧૧ ઓગસ્ટના રોજ વધારે શુભ રહેશે. ૧૧ ઓગસ્ટના રોજ આખો દિવસ ભદ્રા રહેશે. ભદ્રા રાત્રે ૮.૩૦ વાગ્યા સુધી રહેશે. એ પછી જ રાખડી બાંધવી જોઈએ. આ દિવસે રાત્રે ૮.૩૦ વાગ્યાથી ૯.૫૫ વાગ્યા સુધી ચલ નામનું ચોઘડીયું રહેશે. આ સમયે રાખવી બાંધવી વધારે શુભ રહેશે.

## જન્મદિને વધામણી



અશ્વિનભાઈ આર પંડ્યા
મો. ૯૪૨૬૩ ૧૭૭૨૨



પંકજ પ્રજાપતિ
મો. ૮૩૨૦૬ ૪૩૪૪૬



હર્ષા મેવાડા
લાયોનેસ ક્લબ



રૂદ્રરાજસિંહ
પ્રદિપસિંહ વાઘેલા

## કે.કે.વિદ્યાલય કોલવડા ખાતે દેશભક્તિ અંગે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ



કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે ૦૨/૦૮/૨૨ થી ૦૪/૦૮/૨૨ સુધી આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત-''હર ઘર તિરંગા'' કાર્યક્રમને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતુ. જેમાં તિરંગાના મહત્વ ઉપર (તેની શાન, બાન, આન)-વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, આર્ટ અને ડ્રાફ્ટ દ્વારા તિરંગાની બનાવટ, તિરંગાને લગતા દેશભક્તિ ગીતો, ૧૦૦ મીટર દોડ વગેરે સ્પર્ધાઓની વૈવિધ્યસભર ઉજવણી થઈ હતી. જેમાં શાળાના માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના શિક્ષકોએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. તેમજ શાળાના વડા ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ ઝંડાગીત ગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.

### રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા

## આનંદી માં વડલો માણસા ખાતે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું



ગાંધીનગર તા.૫

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા રેડક્રોસ ચેરમેન દિનેશભાઈ વ્યાસના જન્મ દિવસે મહારક્તદાન કેમ્પનું આનંદી માંનો વડલો માણસા ખાતે આયોજન કર્યું હતું. વ્યાસભાઈ તરફથી સાથે ધવલકુમારના ભજન અને ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શુભેચ્છકો-મિત્રો અને સેવકો દ્વારા તેમના ૬રમાં જન્મ દિવસે ૩૭ બોટલ રક્ત એકત્રિત થયું હતું. દરેક રક્તદાતાઓનું પગ પલાળી કંકુ તિલક કરી, ગુલાબથી સેવાનુરાગી અને તેમના ધર્મપત્નિએ પૂજન કરી પ્રથમવાર ઈતિહાસિક ઈશ્વરિય કાર્ય કર્યું હતું.

## જીઆઈપીએસ દ્વારા 'હર ઘર તિરંગા કાર્યક્રમ' યોજાયો



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા માં ૭૫ મા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ''હર ઘર તિરંગા'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળામાં ચિત્રસ્પર્ધા, નિબંધસ્પર્ધા અને ગાયન અને વાદન માં બાળકોએ પોતાનું પ્રતિભાસભર કૌશલ્ય બતાવ્યું હતું અને પોતાની દેશ પ્રત્યેની રાષ્ટ્રભાવના, દેશપ્રમ બતાવ્યો હતો.

## ચૌધરી મહિલા કોલેજ ખાતે ઈનોવેશન તાલીમ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી ગુજરાત રાજય તરફથી ઈનોવેશન ક્લબ અંતર્ગત ટ્રેનીંગનું આયોજન કરાયું હતું. પ્રિ.ડો.એમ.એમ.ચૌધરીએ વિદ્યાર્થીનીઓને ઈનોવેટીવ આઈડીયાની સમજ આપી હતી. ટ્રેનર મયુરીબેન વસાવાએ બેઝીક ઈલેકટ્રોનિક્સ, મીકેનિક્સ, ડ્રોન, એડવાન્સ ઈલેકટ્રોનિક્સ, ટેલીસ્કોપ, ગ્લોબલ, મેકાટ્રોનિક્સ, એડવાન્સ સાયન્સ, એગ્રીટેક, એનર્જી કન્સરવેશન આવી કીટસ અંગે ડેમોસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં કુલ ૫૦ વિદ્યાર્થીનીઓએ આ કીટસનું પ્રેકટીકલ જ્ઞાન મેળવ્યું હતું. કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી તથા મહામંત્રી માધુભાઈ ચૌધરી, ઉપપ્રમુખ રણછોડભાઈ ચૌધરી તેમજ સમગ્ર ટ્રસ્ટીગણે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપી બિરદાવી હતી. ઈનોવેશન ક્લબના કો-ઓર્ડીનેટર ડો.મીના વ્યાસ તેમજ ડો.ઉર્મિલાબેન ચૌધરીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## બ્રહ્માકુમારીઝ સે-૨૮ દ્વારા પ્રજ્ઞાચક્ષુ બાળકોને રાખડી બાંધવામાં આવી



ગાંધીનગર, તા.૫

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, સેકટર.૨૮, ગાંધીનગર, સંચાલિકા આદરણીય કૈલાશ દીદીજીની રાહબરી તળે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રક્ષાબંધન મહોત્સવ ૨૦૨૨ની ઉજવણીના ભાગ રૂપે સેકટર.૧૬, ગાંધીનગર ખાતે આવેલ પ્રજ્ઞાચક્ષુ બાળકોની શાળા ખાતે 'રક્ષાબંધન આધ્યાત્મિક સ્નેહમિલન'નું આયોજન કર્યું હતું. બાળકોને રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય સમજાવી, સૌ પ્રજ્ઞાચક્ષુ બાળકો, પ્રિન્સિપાલ, ટીચર અને સ્ટાફને જ્યારે ઈશ્વરીય શક્તિ અને પ્રભુ વરદાનથી સંપન્ન રાખડી બાંધી સૌનું મુખ પ્રસાદથી મીઠું કરવામાં આવેલ ત્યારે તેમના ચહેરા પર અનોખી ખુશી ઉભરાઈ આવેલ. સૌ બાળકોએ આ કાર્યક્રમના આયોજકોને દુવાઓ આપી હતી.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ ખાતે શપથગ્રહણ વિધિ યોજાઈ



બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ ખાતે બી.એસ.સી. નર્સિંગની ૪થી બેંચ અને એએનએમની ૫મી બેંચની લેમ્પ લાઈટિંગ તેમજ શપથગ્રહણ વિધિ (Oath Taking Ceremony) યોજાઈ હતી. આ શપથ ગ્રહણના મુખ્ય મહેમાન તરીકે ડૉ. અનિલ નાયક, (એકઝેક્યુટિવ મેમ્બર ઓફ આઈ.એન.સી.) આઈ.એ. કડીવાલા (વાઈસ પ્રેસિડેન્ટ, જી.એન.સી) હાજર રહ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, ડૉ.રવિ કુમાર, કેમ્પસ ડાયરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ ભૂમિ પંડ્યા તેમજ એન.એન.એમ ના પ્રિન્સિપાલ જ્યોતસનાબેન પંડ્યા અને કોલેજ ફેકલ્ટી દ્વારા કરવામાં આવેલ હતું.

## મેટલર્જી વિભાગ ( NBA Accredited ) સરકારી ઈજનેરી કોલેજ ખાતે યોજાનાર સાપ્તાહિક પ્રોગ્રામ " Industrial NDT for welding and Castings"



ગાંધીનગર, તા.૫

મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે ડીરેક્ટર ઓફ ટેકનિકલ એજુકેશન દ્વારા મંજૂર અને ગુજકોસ્ટ પ્રાયોજિત " **Industrial NDT for welding and Castings**" નો શુભારંભ આજરોજ તારીખ ૦૧ ઑગષ્ટ , ૨૦૨૨ યોજાયેલ. કાર્યકર્મમાં સંસ્થાના આચાર્યા ડૉ. એસ. પી. દવેએ વિવિધ ઈજનેરી શાખામાં NDTનુ મહત્વ સમજાવેલ, ડો. આઈ. બી. દવેએ કાર્યક્રમની રૂપરેખા આપી અને વિભાગની વિવિધ પ્રવૃતિની માહિતી આપી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડો. વી.જે.બધેકા, ખાતાના વડા, મેકેનિકલ ઈજનેરી વિભાગ, પીડીઈયુ, ગાંધીનગર તથા અતિથિ વિશેષ તરીકે ડો વી. બી .પટેલ, ખાતા ના વડા, મેકેનિકલ ઈજનેરી વિભાગ, એલડીસીઈ, અમદાવાદ એ ઉપસ્થિત રહી સાપ્રંત સમયમાં NDTની ઔધિયોગિક જરૂરિયાત વિષે માહિતી આપી હતી. આ તાલીમ કાર્યક્રમ કોવીડ મહામારી બાદ પ્રથમ વાર પ્રત્યક્ષ રીતે તારીખ ૦૧ થી ૦૫ ઑગષ્ટ, ૨૦૨૨ દરમિયાન યોજાનાર સ.ઈ .કો ગાંધીનગર ખાતે યોજાનાર છે અને તેમાં થિયરી તેમજ પ્રેક્ટીકલ ના સત્રો રાખવામાં આવેલ છે. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રો. પી.કે.નાણાવટી અને પ્રો. ડી.એ.પટેલ ના જણાવ્યા પ્રમાણે આ પ્રોગ્રામમાં મેટલર્જી ઈજનેરીના વિવિધ વિષયોનું તજજ્ઞો દ્વારા વિશ્લેષણ અને માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરોક્ત સાપ્તાહિક પ્રોગ્રામ હેઠળ ગુજરાતની ના વિવિધ ઈજનેરી વિધ્યાશાખાના ૫૦ તાલીમાર્થી જોડાયેલ છે.

## સે.૨૮માં સમર્પણ કેમ્પસ પાછળ ગર્લ્સ ક્રિકેટ કોચિંગનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં હવે યુવતીઓમાં પણ ક્રિકેટની રમત પ્રત્યે રૂચિ વધતી જોવા મળી રહી છે. શહેરની ક્રિકેટ પ્રેમી બાળકીઓ-યુવતીઓને યોગ્ય તાલીમ મળી રહે તે હેતુથી શહેરના સેક્ટર-૨૮માં ખ-૭ સર્કલ નજીક સમર્પણ એજ્યુકેશન અને રીસર્ચ કેમ્પસની અને ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજની પાછળના ભાગે આગામી તારીખ ૭મી ઓગસ્ટના રોજ ફક્ત ગર્લ્સ માટે સવારે ૭ થી ૯ વાગ્યા દરમ્યાનના સમયમાં પૂર્વ ક્રિકેટર દર્શનબા રાજપૂત દ્વારા ક્રિકેટનું કોચિંગ ચાલુ કરવામાં આવી રહ્યું છે. આ કોચિંગ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક ખિલાડીઓએ તેમના મોબાઈલ નંબર ૯૯૯૮૦ ૭૬૪૦૨ ઉપર સંપર્ક સાધવા અખબારી યાદીમાં તેમણે જણાવ્યું છે.

## એ.વી.વી. ઈંગ્લીંસ મીડીયમ સ્કુલમાં મોનસુન સેલિબ્રેશન







ગાંધીનગર, તા.૫

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં 'મોનસુન સેલિબ્રેશન' યોજાયું હતું. વરસાદમાં નાહવા માટે બાળકો આતુર હોય છે. તેથી 'મોનસુન સેલિબ્રેશન' યોજવામાં આવ્યું હતું. જેમાં ખૂબ સુંદર મજાના વાદળો, મેઘધનુષ્ય તથા રેઈન ડ્રોપ્સ ના ખૂબ સુંદર મજાના ચિત્રો બનાવવામાં આવ્યા હતા. બાળકોએ છત્રી પર હેન્ડ પ્રિન્ટ કરી હતી અને રેઈનકોટ પહેરી તથા છત્રી ઓઢીને વર્ષાઋતુને અનુરૂપ એવા સુંદર મજા ના ગીતો ઉપર બાળકો એ ડાન્સ કર્યો હતો. વર્ષાઋતુને અનુરૂપ મકાઈ વગેરે નાસ્તાની પણ સાથે સાથે બાળકોએ મજા માણી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર જેણાબેન ગાભાજી,** ઉ.વ.૭૩, નવાનગર, દહેગામ
- **સ્વ.જયસ્વાલ દેવાંશી નિકુંજભાઈ,** ઉ.વ.૦૨, સેકટર-૨૪
- **સ્વ.મિસ્ત્રી પ્રહલાદભાઈ ચતુરભાઈ,** ઉ.વ.૭૨, સેકટર-૨૬
- **સ્વ.ભગત ઉર્વશીબેન વાસુદેવભાઈ,** ઉ.વ.૭૨, સેકટર-૧૩
- **સ્વ.પંડ્યા ભારતીબેન અરવિંદભાઈ,** ઉ.વ.૬૬, સેકટર-૨૬
- **સ્વ.ગોઠી જગદીશચંદ્ર જેઠાલાલ,** ઉ.વ.૬૬, સેકટર-૨૯